પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૪૮ ૧૯ નવેમ્બર, ૨૦૧૮, સોમવાર; કારતક સુદ - ૧૧ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**એસ-૪૦૦ મિસાઇલો ભારત માટે રક્ષણાત્મક સાબિત થશે**

રશિયા પાસેથી ખરીદવામાં આવનારાં એસ-૪૦૦ મિસાઈલ પ્રાદેશિક મહત્વકાંક્ષા ધરાવતા દેશોથી ભારતને રક્ષણ આપશે, એમ એર માર્શલ આર. નામ્બિયારે કહ્યું હતું. એસ-૪૦૦ ટ્રાયમ્ફ મિસાઈલ નેક્સ્ટ જનરેશન એર ડિફેન્સ સિસ્ટમ છે.

**સંજય કુમાર મિશ્રાને ઈડીના ફૂલ-ટાઈમ ચીફ**

આઈઆરએસ અધિકારી સંજય કુમાર મિશ્રાને શનિવારે રાત્રે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) ના ફુલ-ટાઈમ ચીફ નિમવામાં આવ્યા હતા. આ માહિતી સરકારના એક આદેશમાં આપવામાં આવી હતી. મિશ્રા ૧૯૮૪નાં આવકવેરા કેડરનાં મહેસુલ સેવાના અધિકારી છે.

**રામનાથ કોવિંદ સાત દિવસની વિદેશ યાત્રાએ**

ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ રવિવારથી એક સપ્તાહ સુધી વિદેશ યાત્રાએ છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ વિયતનામ અને ઓસ્ટ્રેલિયાની મુલાકાતે છે. તેઓ ઓસ્ટ્રેલિયા જનારા પહેલા ભારતીય રાષ્ટ્રપતિ છે.

**ફેસબુક મહિનામાં બીજી વખત ઠપ થયું**

સોશ્યિલ નેટવર્કિંગ વેબસાઈય ફેસબુક રવિવારે ઠપ થઈ ગયું છે. વિશ્વભરના યુઝર્સને ફેસબુકનો ઉપયોગ કરવામાં મુશ્કેલી પડી રહી છે. જોકે યુઝર્સ પોતાની પ્રોફાઈલ જોઈ શકે છે, પરંતુ ફ્રેન્ડસ અને વિવિધ પેજ દ્વારા અપ્લોડ કરવામાં આવેલા ફોટા અને વીડિયો દેખાતા નથી.

# અંતે મરાઠા અનામત બિલને મંજુરી

**મહારાષ્ટ્રમાં ફડનવીસ કેબિનેટે બિલને લીલીઝંડી આપી : મરાઠા સમુદાયને અનામતને લઇ સહમતિ બની ચુકી છે કેબિનેટની બેઠકમાં બિલને મંજુરી અપાઈ છે : ફડનવીસ**



મુંબઈ, તા. ૧૮

મહારાષ્ટ્રમાં મરાઠા અનામતને લઈને રાજ્યની દેવેન્દ્ર ફડનવીસ સરકારે મોટુ પગલું લીધું છે. ફડનવીસ કેબિનેટે મરાઠા અનામત માટે બિલને લીલીઝંડી આપી દીધી છે. આની સાથે જ રાજ્યમાં મરાઠા અનામત માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. આ પહેલા મુખ્યમંત્રી ફડનવીસે અહેમદનગરમાં મરાઠા અનામતને લઈને કહ્યું હતું કે, ડિસેમ્બર મહિનામાં મરાઠા સમુદાયના લોકો ઉજવણી કરવાની તૈયારી કરે તે સમય આવી ગયો છે. આજે ફડનવીસે કેબિનેટના નિર્ણય અંગે માહિતી આપતા કહ્યું હતું કે, મરાઠા સમાજને અનામત આપવા માટે સહમતિ થઈ ચુકી છે. આ સંબંધમાં કેબિનેટની બેઠક દરમિયાન એસસીબીસી બિલ ઉપર મંજુરીની મહોર મારી દેવામાં આવી છે. સરકાર નક્કરપણે માને છે કે, મરાઠા સમુદાય શૈક્ષણિક અને સામાજિકરીતે પછાત છે. આ પહેલા ગુરુવારના દિવસે રાજ્ય પછાત વર્ગ પંચે મરાઠા અનામતને લઈને પોતાનો અહેવાલ મુખ્ય સચિવને આપી દીધો હતો. એજ દિવસે અહેમદનગરમાં એક રેલી દરમિયાન મુખ્યમંત્રી ફડનવીસે આ રિપોર્ટનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, અમને પછાત વર્ગ આયોગથી મરાઠા અનામત પર અહેવાલ મળી ગયો છે.

● અનુસંધાન પાન-૭ પર

## છત્તીસગઢમાં મંગળવારે અંતિમ તબક્કાની ચૂંટણી માટે મતદાન

**અંતિમ તબક્કાની ચૂંટણી માટે પ્રચારનો અંત : ૭૨ વિધાનસભા બેઠક માટે મતદાન : છેલ્લા દિવસે મોદી, રાહુલ ગાંધી સહિતના તમામ પાર્ટીઓના મોટા નેતાઓએ લગાવેલી તાકાત**

રાયપુર, તા. ૧૮

છત્તીસગઢમાં વિધાનસભાની ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કા માટે ચૂંટણી પ્રચારનો આજે અંત આવ્યો હતો. ૧૯ જિલ્લાઓને આવરી લેતા ૭૨ મત વિસ્તારોમાં મંગળવારના દિવસે મતદાન થશે. આજે ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસે ભાજપ અને કોંગ્રેસ સહિત તમામ પાર્ટીઓએ સંપૂર્ણ તાકાત ઝીંકી દીધી હતી. પ્રથમ તબક્કામાં રેકોર્ડ ઉંચુ મતદાન થયા બાદ બીજા અને અંતિમ તબક્કાના મતદાનને લઈને પણ ઉત્સુકતા વધી ગઈ છે. માઓવાદીગ્રસ્ત વિસ્તારોમાં પ્રથમ તબક્કામાં રેકોર્ડ ૭૬ ટકાથી વધુ મતદાન પ્રથમ તબક્કામાં આ મહિનાની ૧૨મી તારીખે થયા બાદથી ચૂંટણી પંચ અને સુરક્ષા દળો આ મતદાનના તબક્કાને પણ શાંતિપૂર્ણરીતે પાર પાડવા માટે સજ્જ છે. આજે પ્રચારના છેલ્લા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી, બહુજન સમાજ પાર્ટી અને અન્ય તમામ પાર્ટીઓના દિગ્ગજ નેતાઓ ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. ૧૮ માઓવાદીગ્રસ્ત મતવિસ્તારોમાં પ્રથમ તબક્કામાં ઉલ્લેખનીયરીતે મતદાન થયું હતું.

ભાજપ તરફથી મોદી ઉપરાંત ભાજપ પ્રમુખ અમિત શાહ, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, કેન્દ્રીયમંત્રી સ્મૃતિ ઈરાની સહિતના સ્ટાર પ્રચારકોએ ચૂંટણી પ્રચાર કરીને માહોલ પોતાની તરફેણમાં કરવાના પ્રયાસ કર્યા હતા. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાજ બબ્બર અને નવજોતસિંહ સિદ્ધૂએ પણ ચૂંટણી પ્રચારમાં ભાગ લઈને પોતાની પાર્ટીની તરફેણમાં મતદાન કરવા લોકોને અપીલ કરી હતી. છત્તીસગઢની સાથે સાથે રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મિઝોરમમાં પણ ચૂંટણી યોજાનાર છે. મધ્યપ્રદેશ અને મિઝોરમમાં આ મહિનાની ૨૮મી તારીખે એક જ તબક્કામાં મતદાન થશે જ્યારે બીજી બાજુ રાજસ્થાનમાં એક જ તબક્કામાં સાતમીએ મતદાન થનાર છે.

# પંજાબમાં ધાર્મિક કાર્યક્રમમાં ગ્રેનેડ હુમલો

**મોટરસાયકલ ઉપર આવેલા બે બુરખાધારી શખ્સોએ ગ્રેનેડો ઝીંક્યા : નિરંકારી ભવનમાં ગ્રેનેડ ઝીંકાતા દેશમાં ખળભળાટ : ઇજાગ્રસ્તો પૈકી અનેકની હાલત ગંભીર : મૃતકોના પરિવારને પાંચ-પાંચ લાખ આપવા માટેની જાહેરાત**



અમૃતસર, તા. ૧૮

પંજાબમાં અમૃતસરના રાજા સામસી વિસ્તારના એક ધાર્મિક બેરા ઉપર આજે કરવામાં આવેલા ગ્રેનેડ હુમલાથી સમગ્ર દેશ હચમચી ઉઠ્યો હતો. આ ગ્રેનેડ હુમલામાં ત્રણ લોકોના મોત થયા હતા. આ બ્લાસ્ટમાં ૨૦થી વધુ લોકો ગંભીરરીતે ઘાયલ થયા હતા. મોતનો આંકડો વધે તેવી દહેશત દેખાઈ રહી છે. ઘાયલ થયેલા લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ફોરેન્સિક નિષ્ણાતો ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને તપાસ ચાલી રહી છે. આ બ્લાસ્ટ બાદ પંજાબના તમામ શહેરો સહિત વિવિધ

● અનુસંધાન પાન-૭ પર

## કાશ્મીરમાં અથડામણમાં બે ખૂંખાર આતંકવાદીઓ ઠાર

**સોપિયનમાં વહેલી સવારે અથડામણ : જમ્મુ કાશ્મીરમાં સુરક્ષા દળોને એક પછી એક મળેલી ઉલ્લેખનીય સફળતા ત્રાસવાદીઓ પાસેથી હથિયારોનો જંગી જથ્થો જપ્ત**

શ્રીનગર, તા. ૧૮

જમ્મુ કાશ્મીરના સોપિયનમાં આજે સવારે અથડામણમાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કરી દીધા હતા. જમ્મુ કાશ્મીર પોલીસના કહેવા મુજબ ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો અને વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થા વધારીને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. માર્યા ગયેલા બે આતંકવાદીઓની ઓળખ સોપિયાના નવાઝવાગે અને પુલવામાના યાવરવાલી તરીકે થઈ છે. બંને ત્રાસવાદી અલબદર સાથે જોડાયેલા હોવાનું જાણવા મળ્યું છે. જમ્મુ કાશ્મીર પોલીસ પાસેથી મળેલી માહિતી મુજબ આજે વહેલીપરોઢે જયનાથપુરા વિસ્તારમાં આ અથડામણ થઈ હતી. આ વિસ્તારમાં આતંકવાદીઓ હોવા અંગેની માહિતી મળ્યા બાદ વિશ્વસનીય સૂચનાના આધાર પર સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન આતંકવાદીઓએ અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ ગાળા દરમિયાન બંને તરફથી અથડામણનો દોર શરૂ થયો હતો. પોલીસના કહેવા મુજબ બે ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા હતા.

## આજે આરબીઆઈ બોર્ડની બેઠક : આર્થિક વિકાસ સહિતના મુદ્દા પર ચર્ચા થશે

ન્યુ દિલ્હી,તા.૧૮

સોમવારે રિઝર્વ બેંકની મળી રહેલી બોર્ડ બેઠકમાં કોઈ વધુ વિખવાદ ઊભા ન થાય તે માટે સરકાર અને રિઝર્વ બેંક બન્ને તરફથી પ્રયત્નો થઈ રહ્યાનું ચર્ચાઈ રહ્યું છે. રોકાણકારોનું માનસ ખરડાતા અટકાવવા સરકાર અને રિઝર્વ બેંક બન્ને પોતાની વચ્ચેના નીતિવિષયક મતભેદો દૂર થાય તેમ ઈચ્છી રહ્યા છે એમ નાણાં મંત્રાલયના આધારભૂત સુત્રોએ જણાવ્યું હતું. જો કે બોર્ડ મીટિંગનો એકંદર સૂર કેવો રહેશે તેના પર કોઈપણ પક્ષ તરફથી પ્રકાશ પડાતો નથી. આરબીઆઈ અને સરકાર વચ્ચેના હાલના મતભેદો આસાનીથી દૂર થાય તેવી શકયતા ઓછી છે. આમછતાં, વિધાનસભા તથા લોકસભાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી સરકાર વધુ સખતાઈ વાપરીને મતભેદને રાજકીય મુદ્દો બનાવવા માગતી નહીં હોવાના પણ સંકેત મળી રહ્યા છે. અર્થતંત્રમાં લિક્વિડિટી વધારવા રિઝર્વ બેંક કેટલાક ધિરાણ ધોરણો હળવા કરશે તેવી અપેક્ષા રખાઈ રહી છે. રૂપિયા ૨૫ કરોડ સુધીનું ધિરાણ મેળવતી નાની કંપનીઓ માટે ધિરાણ ધોરણો હળવા બનાવાય તેવી સંભાવના હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. હાલમાં તો આ જો ને તોની વાત છે ખરું ચિત્ર તો બોર્ડ મીટિંગ બાદ જ સ્પષ્ટ થશે એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું.

આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલ ગયા સપ્તાહમાં વડા પ્રધાન મોદીને મળ્યા બાદ વડા પ્રધાન તાણ ઓછી કરવા કેવી ભૂમિકા ભજવે છે તે જોવાનું રહે છે. પટેલની નિમણૂંક વર્તમાન સરકારે જ ૨૦૧૬માં કરી છે અને તેમની મુદત આવતા વર્ષના સપ્ટેમ્બરમાં પૂરી થાય છે. રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર વિરલ આચાર્ય દ્વારા આરબીઆઈની સ્વાયત્તતાને લઈને સરકારની કરાયેલી ટીકા બાદ બન્ને પક્ષ વચ્ચેના મતભેદો સપાટી પર આવ્યા હતા. સોમવારે મળનારી બોર્ડ મીટિંગ જો કે સાવ સરળ નહીં હોય. બોર્ડ પર સરકારના પ્રિતિનિધિઓ સરકારની માગણીઓ સંદર્ભમાં ઉર્જિત પટેલ

● અનુસંધાન પાન-૭ પર

## ઓછા સમયમાં યુદ્ધ જીતવા સંયુક્ત યોજના ખુબ જરૂરી : બીએસ ધનોવા

**ત્રણેય સેનાઓની સંયુક્ત યોજના પર કામ જરૂરી : ચીને બે વર્ષ પહેલા આ મોડલ પર કામ શરૂ કર્યું : ધનોવા**

નવી દિલ્હી, તા. ૧૮

હવાઈદળના વડા બીએસ ધનોવાએ આજે કહ્યું હતું કે, ઓછા સમયમાં યુદ્ધ જીતવા માટે ત્રણેય સેનાઓની સંયુક્ત યોજના ખુબ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, એરફોર્સ, નેવી અને આર્મી વચ્ચે સંકલનની દ્રષ્ટિએ કામ કરવાને વધુ મહત્વ અપાય તે જરૂરી છે. ત્રણેય સેનાઓ વચ્ચે સંયુક્ત યોજના માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવાની જરૂર છે જેથી કોઈપણ યુદ્ધની સ્થિતિમાં ઓછામાં ઓછા સમયમાં આ યુદ્ધ જીતી શકાય.

ધનોવાએ કહ્યું હતું કે, સેનાના ત્રણેય હિસ્સાને સુરક્ષાને લઈને કોઈપણ પડકારોને પહોંચી વળવા સંકલન સાથે આગળ વધવાની જરૂર છે. એરફોર્સ જોઈન્ટ પ્લાનિંગના સમર્થનમાં છે. દેશો દ્વારા એકબીજા ઉપર ઝીંકવામાં આવી રહેલા જુદા જુદા



પ્રકારના ખતરાની પરિસ્થિતિમાં સેનાના કોઈપણ

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરાખંડમાં બસ ખીણમાં ખાબકી

**બસ ઉત્તરકાશીથી વિકાસનગર જઈ રહી હતી : નિયંત્રણ ગુમાવતા ખાઈમાં ખાબકી**

ઉત્તરકાશી,તા.૧૮

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં એક ખાનગી કંપનીની બસ મોટી અનિયંત્રિત થઈને ખાઈમાં ખાબકી હતી, જેના કારણે ઘટના પર જ ૧૧ યાત્રીઓનાં મોત નિપજ્યા હતા. હતી. ત્યાર બાદ રાહત અને બચાવ કાર્ય ચાલુ કરવામાં આવ્યું. બસ દુર્ઘટનાગ્રસ્ત થઈ ત્યારે પહેલા તમામ ઘાયલ થયેલા લોકોને સારવાર માટે ડામટા હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર આ દુર્ઘટના આશરે ૧૨.૩૦ વાગ્યાની છે. આ બસ સવારે જાનકીચટ્ટીથી બડકોટ થતા વિકાસનગર જઈ રહી હતી ત્યારે જ આ દુર્ઘટના થઈ હતી. ઘાયલ યાત્રીઓનાં અનુસાર બસ જ્યારે ડામટાની નજીક પહોંચી ત્યારે ડ્રાઈવર બસે સંતુલન ગુમાવ્યું અને બસ આશરે ૨૫૦ ફુટ નીચે ખાઈમાં ખાબકી હતી. દુર્ઘટના સમયે બસમાં ૩૦થી ૩૨ યાત્રીઓ બેઠેલા હતા. દુર્ઘટના બાદ જે ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે તેમાંથી ૫ની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.



દુર્ઘટનાનો શિકાર થઈ ગઈ હતી. મળતી માહિતી અનુસાર આ બસ ઉત્તરકાશીથી વિકાસનગર જઈ રહી હતી ત્યારે ડામટા નજીક જ્યારે અન્ય ૧૩ યાત્રીઓ ઘાયલ થયા હતા. બસ ખાઈમાં ખાબક્યા બાદ આસપાસનાં લોકોએ પોલીસને આ અંગે માહિતી આપી ખાઈમાં ત્યાર બાદ યમુનામાં ખાબકી હતી. જેના કારણે તમામ મૃતકોને તથા ઘાયલોને બહાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## પ્રાર્થના સભા (બેસણું)



મારા માતુશ્રી ગં.સ્વ. મંજુલાબેન સુમનલાલ જાની (લાકરોડા)નો તા. ૧૧/૧૧/૨૦૧૮નો રવિવારના રોજવ્સ્વર્ગવાસ થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૨૦/૧૧/૨૦૧૮નો મંગળવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સરનામે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૮૫૪, ચર્ચની સામે, સેક્ટર-૮, ગાંધીનગર. મો. ૯૮૭૯૦ ૧૦૦૯૧**

રમણલાલ મોહનલાલ જાની
જગદીશભાઈ એલ. જાની
કનૈયાલાલ વી. વ્યાસ (જમાઈ)
દિનેશકુમાર કે. વ્યાસ (માણસા) (જમાઈ)
: ફર્મ :
હોટલ અશોક ઈન
ગાંધીનગર

હરેશભાઈ એસ. જાની
(પ્રમુખશ્રી, અન્નપૂર્ણા શક્તિપીઠ)
અનિલભાઈ એસ. જાની
જીતેન્દ્રભાઈ એલ. જાની
વિપુલ એલ. જાની
વૈભવ એચ. જાની
શુભ વી. જાની
તનય વી. જાની

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સ્વ. જગદીશચંદ્ર મફતલાલ ભટ્ટ ● સુરેશભાઈ મફતલાલ ભટ્ટ (વાવોલ)

નોંધ : કાંણ-મોકાણ બંધ રાખેલ છે.